| | |
|---|---|
| તાજાં કદી કીતાબમાં રાખેલ નીકળે,<br>પત્તી સ્વરુપે પુષ્પ એ સુકેલ નીકળે.*<br><br>વર્ષોથી જેને સાચવી રાખ્યા છે જીવ જેમ,<br>એ જીર્ણ કાગળો હવે ફાટેલ નીકળે.<br><br>થાક્યા વગર હું જેને સદા સોચતો રહું,<br>એવી કીતાબ ના હજી વાંચેલ નીકળે.<br><br>કાગળ તને લખી કદી ભુલી ગયો હતો,<br>પરબીડીયામાં એ હવે બીડેલ નીકળે.<br><br>વર્ષોની બાદ જોવા હું બેઠો છું ડાયરી,<br>તારાથી પ્યાર છે મને ટાંકેલ નીકળે.<br><br>ઉત્સાહથી જે ચાલ્યા ક્ષીતીજ આંબવા 'રસીક'<br>રસ્તામાં શાને એ બધા થાકેલ નીકળે !<br><br>*ફૈઝ એહમદ ફૈઝના એક શે'રથી પ્રેરાઈને..<br>--'રસીક' મેઘાણી | તમારા પંથમાં થોડોય જો પ્રવાસ થશે,<br>યુગો સુધી પછી પગરવનો મારો ભાસ થશે.<br>તમારી જીતનો એના પછી રકાસ થશે,<br>અમારી હારની જ્યારે કદી તપાસ થશે.<br><br>તમારા દી' ભલે સુરજ સમાન સરખા હોય,<br>અમારી રાતમાં પુનમ પછી અમાસ થશે.<br><br>પતનની ખીણમાં ખોવાશે ત્યારે માનવતા,<br>જગતમાં ટોચ સુધી જો કદી વીકાસ થશે.<br><br>ઉલેચી નાખશો ના લાગણીના સાગરને,<br>કદીક આંખનાં અશ્રુ બધાં ખલાસ થશે.<br><br>તીમીરની રાતના ભાથામાં એક આશા છે,<br>સવાર થાશે અને સુર્યનો ઉજાસ થશે.<br><br>હયાતી ખુંચે ભલે આજ કીન્તુ કાલ 'રસીક',<br>અમારી યાદમાં આખું નગર ઉદાસ થશે.<br>--'રસીક' મેઘાણી |

નોખનોખા પથીક, પંથ નોખા હતા, એક વેળા હતી,
પ્રેમપુર્વક છતાં કેવાં ભેગાં હતાં, એક વેળા હતી.

પાનખર પણ હતી, કંટકો પણ હતા, ને કળી પણ હતી,
પ્રેમપુષ્પો છતાં ખીલ્યાં કરતાં હતાં, એક વેળા હતી.

એક જેવો જ ચહેરો બધાનો હતો, પ્રાણ પ્યારો હતો,
સૌના દરવાજે દર્પણ મઢેલા હતા, એક વેળા હતી.

સાથ રમ્યાં હતાં, સાથ ભમ્યાં હતાં,સાથ જીવ્યાં હતાં,
ધુપમાં છાંયડો સાથ ઝંખ્યાં હતાં, એક વેળા હતી.

એકબીજાનાં દુખથી દુખી થઈ જતાં, એનું ઔષધ થતાં,
જીંદગીના જખમ કેવા સહેલા હતા, એક વેળા હતી.

છાંયડો પણ હતો, ધુપ બળતી હતી, રાત ઢળતી હતી,
નોખી મંઝીલ છતાં સાથ ચાલ્યાં હતાં, એક વેળા હતી.

આજ એનાથી દીલ ઝગમગાવો બધે, ઘર સજાવો બધે,
પ્રેમજ્યોતી 'રસીક' લઈ જે ચાલ્યાં હતાં, એક વેળા હતી.
--'રસીક' મેઘાણી

એ જ બાકી રહી પ્રથા ઘરમાં,
જુની દુનીયા મળી નવા ઘરમાં..

દીલની દુનીયા વસાવવી પડશે,
મન તો મુંઝાશે એ વીના ઘરમાં..

ખાલી દીવાલથી નહીં ચાલે,
જોઈએ છત ને બારણાં ઘરમાં..


બીજે આરામ એવો ક્યાં મળશે?
જેવો એ મળશે આપણા ઘરમાં..!

દીલને દરીયા સમી ગહનતા દે,
ઘરની વાતોને રાખવા ઘરમાં..

રાખ સમ વાતને હવા દેતા,
આગ લાગી જશે બધા ઘરમાં..

વાટ જોવાનો છે 'રસીક' મારી,
વાર લાગી અગર જવા ઘરમાં..
--'રસીક' મેઘાણી

# 'રસીક' મેઘાણી



## કવીપરીચય

શાયર જનાબ 'રસીક' મેઘાણી સાહેબ, ઉર્ફે અબ્દુલ રઝાક મેઘાણીની મુળ માટી ટંકારા, મોરબીની; પરંતુ ઘાટ ઘડાયો પાકીસ્તાનમાં. ભાગલા પછી પણ કરાંચીમાં રહેલા કે ગયેલા ગુજરાતી સર્જકોએ ગુજરાતી ભાષાનાં કરેલા જતન અને લાડની નોંધ આપણે સગર્વ લેવી રહી. **જનાબ હૈદરઅલી જીવાણી** અને **જનાબ'દીપક' મુસાજી બારડોલીકર** વગેરે જેવાં રત્નો પણ પાકીસ્તાનની મુલ્યવાન દેણગી છે. **'રસીક' મેઘાણી** સાહેબની ભાષામાં અમદાવાદમાં બોલાતી ગુજરાતી કરતાં જરા જુદી જ લઢણ, જુદો જ લહેજો અને જુદી જ ખુશ્બુ છે. આજકાલ, છેલ્લાં છ વરસથી મેઘાણી સાહેબ હ્યુસ્ટન, ટેક્સાસ, અમેરીકામાં રહે છે. જાહેર મુશાયરાઓમાં એમની હાજરી વજનદાર હોય છે અને જરા જુદો જ રંગ પુરે છે. **કવીનો ઈ-મેઈલ સંપર્ક :** armeghani@yahoo.com

--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

# ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક **‘સન્ડે ઈ-મહેફીલ ’** માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **‘બાવાની લંગોટી’** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




બધું બાવાની લંગોટી જેવું છે...! આ કીચન લાંબુ કરાવ્યું તો ‘ફોન’ નું દોરડું લાંબુ નાખવું પડયું...!

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : બે -- અંક : ૬૪ -- ઓગસ્ટ ૨૭, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ ‘વીદેશ-સર્જનોત્સવ’ ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

‘ઉંઝાજોડણી’ અને ‘વીજયા’ ફોન્ટમાં **અક્ષરાંકન :**

ઉત્તમ ગજ્જર : uttamgajjar@hotmail.com
Address:
**Harnish Jani** 4, Pleasant Drive, **Yardville,** NJ 08620-**USA**
Phone-**609-585-0861 : email :** harnish5@yahoo.com